Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૮ · તા. ૧૩ થી ૧૯ સપ્ટેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## શ્રેષ્ઠ જ્ઞાતિમંડળના આદર્શ (રોલ મૉડલ)

### શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળને સુવર્ણજયંતિ મહોત્સવની હાર્દિક શુભેચ્છા

પ્રથમ પ્રમુખ



શ્રી ખીમજી ઘેલાભાઈ ખોના

પ્રેરક અને ત્રણ મુદતના પ્રમુખ



શ્રી પ્રતાપ ગોવિંદજી શાહ (લોડાયા)

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ
SHREE KDO JAIN SARVODAY MANDAL
MULUND
ESTD. 1964

પ્રકાશ સમીક્ષા સમિતિ

સુવર્ણ મહોત્સવ ઉજવણીના કન્વીનર



શ્રી મણીકાંત હીરજી ધુલ્લા

વર્તમાન પ્રમુખ



શ્રી હંસકુમાર દામજી મૈશેરી

## અનેરી તમારી તપશ્ચર્યાઃ ભાવથી કરીએ અનુમોદના

પ્રેરણા :
પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા



દિવ્ય આશિષ :
પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.

**સૌ.વૈશાલી વચેશ ધનજી મુનવર**

જખૌ-માટુંગા

### માસ ક્ષમણ (૩૦ ઉપવાસ)

પ્રેરક ગુરૂભગવંતોના આશિષ મળ્યા, ભવ ઉધ્ધારક માસ ક્ષમણ તપના ભાવ થયા.....
ભવો ભવના પુણ્ય ઉદય પામ્યા, અનેરી તપશ્ચર્યા સહજ થવાના યોગ થયા .

શ્વસુર પક્ષઃ માતુશ્રી પુષ્પાબેન ધનજી ત્રિકમજી મુનવર પરિવાર (જખૌ-માટુંગા)

પિયર પક્ષઃ માતુશ્રી લીલાવંતીબાઇ ગોવિંદજી નાગડા પરિવાર (તેરા—નાંદેડ)

શુભેચ્છક : માતુશ્રી મુરબાઇ વિસનજી શિવજી લોડાયા પરિવાર (બાંઢીયા)

# હાર્દિક શ્રદ્ધાંજલિ



## કૌશિકભાઈ નવિનચંદ્ર સોનાવાલા

**ગામ: નલિયા (કચ્છ), હાલ બેંગલોર**

| જન્મ : | દેહવિલય : |
|---|---|
| તા.૧૫-૧૨-૧૯૭૦ | તા.૦૨-૦૯-૨૦૧૪ |

આપે જીવનયાત્રામાંથી લીધેલી વિદાયથી અમે સહુ વ્યથિત થયા છીએ. દેહનો વિલય થાય છે પણ આત્માનો વિલય થતો નથી. અમારા સહુના હૃદયમાંથી તમારી સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહિ. તમારા નિધનથી આપણી સંસ્થાએ શુભચિંતક તથા સંનિષ્ઠ વડિલ ગુમાવ્યા છે. તમારો સહકાર અને માર્ગદર્શન આપણી સંસ્થાને અવિરતપણે મળતા રહ્યા હતા. આપણા એકમને આપે મૂલ્યવાન સેવાઓ આપી હતી. મીત અને મૃદુભાષી અને કોમળ હૃદયના આપશ્રીએ અનેક સેવાકાર્યો મૂક અને નિઃસ્પૃહભાવે કર્યા છે. આપની સમાજસેવા, પરોપકારી વૃત્તિ, આત્મીય ભાવના વગેરે ગુણો સદા યાદ રહેશે. આપના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તથા સમસ્ત પરિવારને આ ઘેરું દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી ''કચ્છી ભવન'' • ૪૪/બી, ૧લો મેઈન રોડ
જે.પી. નગર, ૩જો ફેઝ, મીની ફોરેસ્ટની સામે, બેંગલોર - ૫૬૦ ૦૭૮, ફોન : ૦૮૦-૨૬૫૮૬૭૯૯
Mob : વેન્કટેશ - ૮૭૨૨૮ ૦૨૪૨૬, નરેન્દ્રભાઇ - ૮૯૭૦૦ ૪૭૪૦૦ • Fax : ૦૮૦-૨૬૫૮૬૭૯૮
E-mail : dbkdo.jainekkam@yahoo.in • WEBSITE : www.kutchibhavan.com

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન :**

અલપઈ, બડગરા, બાગલકોટ, બેંગલોર, બેલગામ, બેલ્લારી, બીજાપુર, કલીકટ, ચેન્નઈ, કોઈમ્બતુર, કોચીન, દાવણગીરી, ગદગ, ગોવા, હાવેરી, હુબલી, હૈદ્રાબાદ, કોપલ, કુમટા, પોંડીચેરી, રાયચુર, સેલમ, શીરશી, તીરુપુર.

# હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૧૫-૧૨-૧૯૭૦

દેહવિલય :
તા.૦૨-૦૯-૨૦૧૪

# કૌશિકભાઈ સોનાવાલા

હરપળ જીવનની ખુશી આપી તમે, સ્નેહભરી સૌને લાગણી આપી તમે.
કુદરતની ગતિ સમજાતી નથી, હયાતી વહાલાની જ્યારે રહેતી નથી.
ઘરમાંથી બુઝાયો તમારો જીવન દીપ, એ અંધકાર દૂર થશે નહિ.
એ સસ્મિત વદન, એ સ્નેહાળ સ્વભાવ, પરિવારમાં તમારી ખોટ પૂરાશે નહિ.
સ્મૃતિઓમાં રહેશો આપ હૈયે સદા અમર, તસવીરમાં જોઈ તમને, આંખો ધરાશે નહિ.

ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાયથી અમે સહુ કોઈ દિગ્મૂઢ થઈ ગયા છીએ. આપની આ જગતમાં સ્થૂળ દેહે હયાતી નથી પરંતુ આપ હરહંમેશ અમારા હૃદયમાં સદાય ચિરંજીવ રહેશો. તમારો હસમુખો ચહેરો, મિલનસાર સ્વભાવ, પ્રખર પુરૂષાર્થ, ઉદાર અને પરોપકારી ભાવના સદાય જીવંત સ્મરણ રુપે રહેશે. તમારા આત્માને શાશ્વત્ શાંતિ મળે તેવી અમારા સહુની પ્રાર્થના છે...

લિ.

માતા : માધુરીબેન નવીનચંદ્ર સોનાવાલા (ગામ - નલિયા, હાલ બેંગલોર)
પત્ની : દીપા કૌશિક સોનાવાલા
પુત્ર : ભવ્ય કૌશિક સોનાવાલા
ભાઇ : પ્રીત નવીનચંદ્ર સોનાવાલા • ભાભી : રાધા પ્રીત સોનાવાલા
બહેન - બનેવી : કીર્તિદાબેન ભરતભાઇ મેકાણી
બહેન - બનેવી : કેતનાબેન રાજેન્દ્રભાઇ શાહ
બહેન - બનેવી : નિરલ પ્રદિપ ખોના
ભત્રીજી : શેફાલી, નેહા • ભત્રીજો : વિનય

**DIGITAL WAVES** • 233, 2nd floor, Sampige Road, Malleshwaram,
Bangalore - 560003, India, Phone : 91 80 2545 0138; Fax : +91 80 4127 9746
sales@digitalwaves.in • www.digitalwaves.in

કુંતુંનાથાય નમઃ


## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

શ્રી કુંથુનાથ શ્વેતાંમ્બર જૈન દેરાસર, પ્રભુ કુંથુનાથ માર્ગ, ગલી નં. ૪, સન્મતિ નગર,
ફાફાડીહ, રાયપુર (છ. ગ.) 492 009
ફોન : 0771 4014188, 2882526 Email : 2014kdoraipur@gmail.com


આ
મં
ત્ર
ણ



# જ્ઞાતિ મૈયાનો મેળાવો

## ચતુર્થ જ્ઞાતિ સમ્મેલન : ૨૬,૨૭,૨૮ દિસમ્બર ૨૦૧૪

ધાનના કટોરા – છત્તીસગઢ ની ધરા સંસ્કારધાની રાયપુર મધ્યે



## સમસ્ત જ્ઞાતિના ચોથા સંમ્મેલન
## પ્રસંગે યશભાગી થવા ભાવ સભર આમંત્રણ

પધારો - આ જ્ઞાતિ મેળાવડાના અનન્ય અવસરના નિર્દિષ્ઠ કાર્યક્રમોમાં સહભાગી થવા આ હરખના તેડા પ્રસંગે

આપશ્રી મહાજનને આમંત્રણ આપતાં હર્ષ અનુભવીએ છીએ. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા, જ્ઞાતિ મુકુટ મણી શેઠશ્રી કેશવજી નાયક જેવા વીરલાઓએ નાતતેડાનું સુંદર આયોજન કરી જ્ઞાતિની એકતા, પ્રગતિ પ્રક્રિયાઓને વધુ ગતિશીલ વેગવંતી બનાવી હતી. તેને અનુસરતા ઈ. સ. ૧૯૯૧ માં ભારતની આર્થિક રાજધાની મુંબઈ નગરીમાં તૃતીય જ્ઞાતિ સમ્મેલનનું આયોજન થયેલ હતું.

૨૩ વરસની લાંબી સમયાવધિ પશ્ચાત ૨૦૧૪ માં આવા આયોજનમાં યજમાન બનવાનો લાહાવો અમારા છત્તીસગઢ મહાજનને મળેલ છે. આ રૂડા અવસરનું આયોજન તા. ૨૬, ૨૭ અને ૨૮ દિસમ્બર ૨૦૧૪ દરમ્યાન થશે. આ જ્ઞાતિ મેળાના પાવન દિવસે સમસ્ત જ્ઞાતિ ધાનનો કટોરો ગણાતા છત્તીસગઢની રાજધાની રાયપુરને પાવન કરશે. આયોજન સ્થળ રહેશે - પાવન તીર્થ કૈવલ્યધામ. આ અવસરે દશાઓની નવી દિશાનું વૈચારિક આદાન પ્રદાન થશે. જ્ઞાતિની ચરમોત્કર્ષ ઉન્નતિ, પ્રગતિય સંબંધોના ઠરાવો થશે.

આ પ્રસંગના સાક્ષી બનવું એ પણ જીવનનો વિશેષ લહાવો રહશે. આ ચતુર્થ જ્ઞાતિ સમ્મેલનમાં પધારવા આપશ્રીના મહાજનના સર્વે સભ્યોને આમંત્રણ આપતા હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપના પગરણ રાયપુરની ધરતી પર મંડાશે એવી હ્રદયની ભાવના સાથે......

અમે બસ માની લીધું છ કે આપ નક્કી આવવાના છો. જે શક્તિ હોય છે શ્રદ્ધામાં, એકતામાં, તે શંકામાં નથી હોતી. આપણો જ્ઞાતિ ભાવદીપ પ્રગટાવીશું એજ અભ્યર્થના સાથે....

### સમ્મેલનના પ્રસંગે છત્તીસગઢની નિયાણી બહેનોને માવતરે પધારવા આમંત્રણ

આત્મીય બહેન શ્રી, શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજને આપણને જ્ઞાતિ સંમેલનના યજમાન બનવા અનેરો અવસર આપેલ છે. આપણા રાયપુરના દાદાશ્રી કુંથુનાથ પ્રભુની પ્રતિષ્ઠા થયા બાદ આ અનેરો પ્રસંગ ફરી આપણને સાંપડયો છે. તેમાં નિયાણીઓની હાજરી, અમારે મન શાસન દેવીની કૃપાનીએંધાણી સમાન હશે.

બહેન, જે ધરતી પર જન્મથી યુવાવસ્થા સુધીનો સમય માતા - પિતા, પરિવાર, મિત્રો સાથે વિતાવેલ તેની યાદ હ્રદયમાં સાચવીને રાખેલ હશે જ. તે ફરી તરોતાજી કરીશું. ભાઈઓનું ભાવભીનું આ આમંત્રણ સ્વીકારી આ પ્રસંગે પધારવા હ્રદયના ઉમળકા થી વિનંતી. સપરિવાર કુમકુમ પગલે પધારશો....

| | | | | |
|---|---|---|---|---|
| ચંદ્રેશ વીરચંદ છેડા | પ્રવીણ માણેકજી મૈશેરી | ગીતાબેન હરીશ લોડાયા<br>ભાવિક શશિકાંત નાગડા | ઉત્તમચંદ ખીમજી મૈશેરી | તરૂણ શીવજી લોડાયા |
| સમ્મેલન પ્રમુખ | સંયોજક | સહ સંયોજક | પ્રમુખ શ્રી છ.ગ. કચ્છી જૈન સંઘ | પ્રમુખ |

નોંધ - આ દિવસો દરમ્યાન જ્ઞાતિના અન્ય પ્રસંગોનું આયોજન ન ગોઠવવા નમ્ર વિંનતી.

આપશ્રી કેટલા સભ્યો પધારશે તેની જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા માટે સુગમતા રહે.

|| શ્રી કુંથુનાથાય નમઃ ||

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

**૪થું જ્ઞાતિ સમ્મેલન : ૨૬,૨૭,૨૮ ડિસેમ્બર ૨૦૧૪**

| મહાજન પ્રમુખ : | સમ્મેલન પ્રમુખ : | સમ્મેલન વ્યવસ્થા પ્રમુખ : |
|---|---|---|
| **તરૂણ શીવજી શાહ** | **ચંદ્રેશ વીરચંદશાહ** | **પ્રવીણ માણેકજી મૈશેરી** |
| ફોન : ૦૭૭૧-૨૫૨૫૧૭૨ | ફોન : ૦૭૭૧-૨૨૯૨૫૭૩ | મો. : ૦૯૪૨૫૨-૦૨૨૦૩ |
| મો. : ૦૯૮૯૩૩-૧૩૫૫૮ | મો. : ૦૯૪૨૫૨-૧૩૫૪૦ | ૦૯૪૨૫૫-૦૧૦૨૦ |

## મુખ્ય સંચાલન કમેટિ

| નામ | મો.ન. |
|---|---|
| ૧. શ્રી તરુણ શિવજી શાહ | 9893313558 |
| ૨. શ્રી રત્તીલાલ કેશવજી શાહ | 9826992909 |
| ૩. શ્રી ભવાનજી હીરજી શાહ | 9302775600 |
| ૪. શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી | 9826141809 |
| ૫. શ્રી હરીશ જવેરચંદ લોડાયા | 9425209700 |
| ૬. શ્રી પ્રવીણ માણેકજી મૈશેરી | 9425202203 |
| ૭. શ્રી શશીકાંત વેલજી શાહ | 9425502765 |
| ૮. શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ | 9425213540 |
| ૯. શ્રી કિશોર મેઘજી મોતા | 9229495459 |
| ૧૦. શ્રી અમિત હીરાચંદ મૈશેરી | 9827168914 |
| ૧૧. શ્રીમતી મંજુલાબેન કુલીનકાંત જીવાણી | 9300711711 |
| ૧૨. શ્રીમતી ઉષાબેન દિનેશ મોમાયા | 9302323991 |
| ૧૩. શ્રી ખીમજી નેણશી મોતા (ભાટાપરા) | 9754470741 |
| ૧૪. શ્રી ભુપેશ ઉમરશી શાહ (ધમતરી) | 9425212449 |
| ૧૫. શ્રી યોગેશ પદમશી દંડ (ભિલાઈ) | 9302836093 |

## વ્યવસ્થાપક સમિતિઓ

સંયોજક : શ્રી પ્રવિણ માણેકજી મૈશેરી 9425202203, 9425501020

સહ સંયોજક : શ્રીમતી ગીતાબેન હરીશ લોડાયા 97755009600

સહ સંયોજક : શ્રી ભાવિક શશીકાંત શાહ 9300109796

## કાર્યાલય / પ્રશાસનિક પર્યટન વ્યવસ્થા સમિતિ

| | |
|---|---|
| પ્રમુખ : શ્રી અમિત હિરાચંદ મૈશેરી | 9827168914 |
| સદસ્ય : શ્રી નયન સતીશ છેડા | 9302459000 |
| સદસ્ય : શ્રી વિપિન વીરચંદ વિકમશી | 9826970666 |
| સદસ્ય : શ્રી જીગર હરીશ લોડાયા | 9009108881 |
| સદસ્ય : શ્રી કેવલ તરૂણ શાહ | 9826992162 |
| સદસ્ય : શ્રી પાર્થ પ્રવીણ મૈશેરી | 9713329329 |
| સદસ્ય : શ્રી તરૂણ પ્રેમજી શાહ (ધમતરી) | 9425214799 |
| સદસ્ય : શ્રીમતી પ્રભા ગીરીશ શાહ | 9165777747 |
| સદસ્ય : શ્રીમતી ડિમ્પલ જયેશ નાગડા | 9303699991 |
| સદસ્ય : શ્રીમતી પુજા હિતેશ મોમાયા | 9479200152 |
| સદસ્ય : શ્રીમતી સમૃદ્ધિ સંજય જીવાણી | 8817402070 |

## પ્રચાર, પ્રસાર, પ્રિટીંગ મિડિયા વ્યવસ્થા સમિતિ

| | |
|---|---|
| પ્રમુખ : શ્રી મનહર ચત્રભુજ શાહ | 9826492111 |
| સદસ્ય : શ્રી કિશોર મેઘજી મોતા | 9229495459 |
| સદસ્ય : શ્રી હિતેશ મોતીચંદ શાહ | 9300212158 |
| સદસ્ય : શ્રીમતી ઉષાબેન દિનેશ મોમાયા | 9302323991 |
| સદસ્ય : શ્રીમતી ચંદાબેન નવીન શાહ | - |
| સદસ્ય : શ્રીમતી ભારતીબેન યોગેશ દંડ (ભિલાઈ) | 9630735271 |
| સદસ્ય : શ્રીમતી કલ્પનાબેન ચેતક શાહ | 9993731500 |
| સદસ્ય : શ્રી રાજેશ લક્ષ્મીચંદ લોડાયા (ધમતરી) | 9009944621 |

## કોષ વ્યવસ્થાપક સમિતિ

| | |
|---|---|
| પ્રમુખ : શ્રી રાયચંદ લખમશી લોડાયા | 0771-2523107 |
| સદસ્ય : શ્રી શશિકાંત વેલજી શાહ | 9425502765 |
| સદસ્ય : શ્રી ભુપેન્દ્ર ગોવિંદજી મોમાયા | 9893430355 |
| સદસ્ય : શ્રી રતન ચાંપશી નાગડા | 9329830973 |
| સદસ્ય : શ્રી ભરત નારાયણજી મૈશેરી | 9827179877 |

## અતિતિ વ્યવસ્થા સમિતિ

| | |
|---|---|
| પ્રમુખ : શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરી | 9977177165 |
| સદસ્ય : શ્રી હિતેશ શરદ મોમાયા | 9425520764 |
| સદસ્ય : શ્રી દિપેશ જેઠાલાલ લાલકા | 9827150208 |
| સદસ્ય : શ્રી અંકિત યોગેશ દંડ (ભિલાઈ) | 9755090297 |
| સદસ્ય : શ્રીમતી પ્રીતિબેન પ્રવીણ મૈશેરી | 7566209394 |
| સદસ્ય : શ્રીમતી સેજલબેન હિતેશ શાહ | 9302218925 |
| સદસ્ય : શ્રીમતી તેજલબેન કમલેશ મોતા (ભાટાપારા) | 9479107441 |
| સદસ્ય : શ્રીમતી અંકિતાબેન મિલન મૈશેરી | 9039077165 |

## મંચ વ્યવસ્થાપક સમિતિ

| | |
|---|---|
| પ્રમુખ : શ્રીમતી મિત્તલ ભાવિક શાહ | 8878984000 |
| સદસ્ય : શ્રીમતી દિપા નયન છેડા | 7879499111 |

સદસ્ય : શ્રીમતી માન્યા પિયુષ મૈશેરી 9425502919
સદસ્ય : શ્રીમતી સુનયના અમતિ મૈશેરી 9907947262
સદસ્ય : શ્રીમતી અંકિતા મિલન મૈશેરી 9039077165
સદસ્ય : શ્રીમતી ભક્તિ ધવલ દંડ (ભિલાઈ) 9644091289
સદસ્ય : શ્રીમતી દિપા દિપક લાલકા 9300115001
સદસ્ય : કુ. રૌશની તરૂણ શાહ 9977185448
સદસ્ય : કુ. નમ્રતા ચેતન છેડા 9300010300

## રેલ્વે, બસ, એયરપોર્ટ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી મનીષ ઉત્તમચંદ લોડાયા 9425206478
સદસ્ય : શ્રી સતીશ જવેરચંદ છેડા 9826129911
સદસ્ય : શ્રી ચેતક જવેરચંદ શાહ 9425209800
સદસ્ય : શ્રી ચેતન વિરચંદ છેડા 9826161473
સદસ્ય : શ્રી દિપક મેઘજી લાલકા 9329126770
સદસ્ય : શ્રી વિપિન વિરચંદ વિકમશી 9826970666
સદસ્ય : શ્રી દિપક કલ્યાણજી નાગડા 9303297000
સદસ્ય : શ્રી હિતેન્દ્ર ખેતશી લોડાયા 9827483810
સદસ્ય : શ્રી હરીશ શીવજી શાહ 9993397106
સદસ્ય : શ્રી સુનીલ વાલજી જીવાણી 9302967351
સદસ્ય : શ્રી અમીત કુલીનકાંત જીવાણી 9329784878
સદસ્ય : શ્રી સુમીત મણીકાંત મોમાયા 9926188877
સદસ્ય : શ્રી નિતેશ શશીકાંત શાહ 9827409650
સદસ્ય : શ્રી હિતેન મહેન્દ્ર નાગડા 9826182831
સદસ્ય : શ્રી રિતેશ સુર્યકાંત મૈશેરી 8817555511
સદસ્ય : શ્રી નિલેશ ઉમરશી મૈશેરી 9179868625
સદસ્ય : શ્રી રૌનક વિજય શાહ 9200667500
સદસ્ય : શ્રી જીગર હરીશ ખોના 9993527677
સદસ્ય : શ્રી ચેતન લલીત શાહ 9575700001
સદસ્ય : શ્રી રાહુલ ભરત નાગડા 9098168430
સદસ્ય : શ્રી કપીલ નારાયણજી મૈશેરી 9425515687
સદસ્ય : શ્રી કરણ દિપક નાગડા 8962822005
સદસ્ય : શ્રી જીનેશ હરીશ ખોના 8818859941
સદસ્ય : શ્રી અનિલ પ્રવીણ લોડાયા 8982609447
સદસ્ય : શ્રી મુકેશ પદમશી દંડ (ભિલાઈ) 9229121508
સદસ્ય : શ્રી અલ્પેશ અશોક સોની (દુર્ગ) 7697602366
સદસ્ય : શ્રી પારસ મહેન્દ્ર નાગડા 9826110092
સદસ્ય : શ્રી વિપુલ પ્રફુલ મોતા (ભિલાઈ)9713018596
સદસ્ય : શ્રી જીગ્નેશ ચંદ્રકાંત મોતા (ભિલાઈ) 8962111425
સદસ્ય : શ્રી રાહુલ મુકેશ દંડ (ભિલાઈ) 8109120638

## ભોજન વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી ખીમજી નેણસી મોતા (ભાટાપારા) 9754470741
સદસ્ય : શ્રી વાલજી ખેતશી જીવાણી 8817402070
સદસ્ય : શ્રી સુર્યકાંત લખમશી મૈશરી 9754342136
સદસ્ય : શ્રી કુલીનકાંત ખેતશી જીવાણી 9302293434
સદસ્ય : શ્રી ભુપેશ ખીમજી મોતા (ભાટાપારા) 9827999440
સદસ્ય : શ્રી દિપક કલ્યાણજી નાગડા 9303209700

## પરિસર નિર્માણ તથા સજાવટ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી 9826141809
સદસ્ય : શ્રી હીરાચંદ કુંવરજી મૈશેરી 9302524757
સદસ્ય : શ્રી યોગેશ ગોવિંદજી મોમાયા 9425291654
સદસ્ય : શ્રી સચિન શરદ મોમાયા 9329730024
સદસ્ય : શ્રી દિપેશ જેઠાલાલ લાલકા 9827150208
સદસ્ય : શ્રી ગીત મનહર શાહ 9977292111
સદસ્ય : શ્રી જીગર હરીશ શાહ 9009108881
સદસ્ય : શ્રી કેવલ તરૂણ શાહ 9826992162
સદસ્ય : શ્રીમતી વીણા સચિન મોમાયા 8103430024
સદસ્ય : શ્રીમતી રૂપલ અંકિત દંડ (ભિલાઈ) 7879579295
સદસ્ય : શ્રીમતી હેતલ ગીત શાહ 8889192111
સદસ્ય : શ્રીમતી કાજલ ચેતન શાહ 7697900002
સદસ્ય : શ્રીમતી કોમલ હિતેન નાગડા 9329229555
સદસ્ય : કુ. મોનિકા મહેન્દ્ર લોડાયા 7879349886

## પ્રદર્શની અને વેચાણ મેળો વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રીમતી સેજલ હિતેશ શાહ 9302218925
સદસ્ય : શ્રીમતી કલ્પના ચેતક શાહ 9993731500
સદસ્ય : શ્રીમતી પ્રીતી યશવંત છેડા (ભાટાપારા) 9826382483
સદસ્ય : શ્રીમતી શ્વેતા હિતેન્દ્ર લોડાયા 7827160062
સદસ્ય : શ્રીમતી કાજલ ચેતન શાહ 7697900002
સદસ્ય : શ્રી ધવલ મહેન્દ્ર લોડાયા 9009988744

## રેલ્વે એયર ટિકિટ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી ચંદ્રેશ બંકીમ શાહ (ધમતરી) 9300136524
સદસ્ય : શ્રી ચેતન હરીશ ખોના 9770997727

## આવાસ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી વિજય શીવજી શાહ 9993199958
સદસ્ય : શ્રી હિતેશ મોતીચંદ શાહ 9300212158
સદસ્ય : ભરત નારાયનજી મૈશેરી 9827179877
સદસ્ય : જયેશ કલ્યાણજી નાગડા 9009699991
સદસ્ય : શ્રી યોગેશ ગોવિંદજી મોમાયા 9425291654

સદસ્ય : શ્રી તુષાર રાયચંદ શાહ 9827871821
સદસ્ય : શ્રી નિતેશ ઉમરશી મૈશેરી 9827105321
સદસ્ય : શ્રી પિયુષ હિરાચંદ મૈશેરી 9302407475
સદસ્ય : શ્રી મહેન્દ્ર પાનાચંદ લોડાયા 9806101001
સદસ્ય : શ્રી જીનેશ ગિરીશ શાહ 9826592111
સદસ્ય : શ્રીમતી રતનબેન તિલેશ શાહ (ધમતરી) -
સદસ્ય : શ્રીમતી હેમલ મનીષ શાહ 9303399933
સદસ્ય : શ્રીમતી અનુપમા વિપીન જૈન 9039025066
સદસ્ય : શ્રીમતી ગીતા દિપેશ લાલકા 9303128774
સદસ્ય : શ્રીમતી રશ્મિ સુમીત મોમાયા 9329988877
સદસ્ય : શ્રીમતી દિપા નયન છેડા 7879499111
સદસ્ય : શ્રીમતી ભવ્યા અમીત જીવાણી 9425501110

### શોભા યાત્રા, ઝાંકી, સજાવટ, યાતાયાત વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી હિતેશ મોતીચંદ શાહ 9300212158
સદસ્ય : શ્રી ચેતન વિરચંદ છેડા 9826161473
સદસ્ય : શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરી 9977177165
સદસ્ય : શ્રી નયન સતીશ છેડા 9302459000
સદસ્ય : શ્રી ચેતક જવેરચંદ શાહ 9425209800
સદસ્ય : શ્રી ચંદ્રકાંત મેઘજી મોતા (ભિલાઈ) 9229121502
સદસ્ય : શ્રી ભાવિક શશીકાંત શાહ 9300109796
સદસ્ય : શ્રી સંજય વાલજી જીવાણી 9827151129

### સાંસ્કૃતિક કાર્યક્રમ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રીમતી પુર્ણિમાબેન મનહર શાહ 9993065675
સદસ્ય : શ્રીમતી હેમલબેન મનીષ શાહ 9303399933
સદસ્ય : શ્રીમતી અનુપમાબેન વિપીન જૈન -
સદસ્ય : શ્રીમતી તૃપ્તિબેન ચંદ્રેશ શાહ 9329827299
સદસ્ય : શ્રી ધવલ મહેન્દ્ર લોડાયા 9009988744
સદસ્ય : શ્રી રૌનક વિજય શાહ 9200667500

### ડોક્ટર, મેડીકલ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : ડૉ. શ્રી મહેશ હીરજી શાહ 9827163230
સદસ્ય : ડૉ. શ્રી દક્ષેશ રાયચંદ શાહ 9827404208
સદસ્ય : ડૉ. શ્રી દિપેશ મહેશ શાહ 9425216555
સદસ્ય : ડૉ. શ્રી કેતન અશોક શાહ 9827158081
સદસ્ય : ડૉ. શ્રીમતી પુષ્પા દક્ષેશ શાહ 9827405544
સદસ્ય : ડૉ. શ્રીમતી પ્રતિભા કેતન શાહ 9827276620
સદસ્ય : ડૉ. શ્રી તેજશ દિપક શાહ 9860030939

### પંજીયન (રજીસ્ટ્રેશન) સમિતિ

પ્રમુખ : શ્રી મહેન્દ્ર પાનાચંદ લોડાયા 9806101001
સદસ્ય : શ્રી જીગ્નેશ ગિરીશ નાગડા (ખિરકિયા) 8871595395
સદસ્ય : શ્રીમતી લતાબેન મહેશ શાહ 0771-3293107
સદસ્ય : શ્રીમતી હેમલતાબેન શશીકાંત શાહ 0771-2429431
સદસ્ય : શ્રીમતી મૃદુલાબેન ભુપેન્દ્ર મોમાયા 9425503745
સદસ્ય : શ્રીમતી સુનીતાબેન વિજય શાહ 9200667500
સદસ્ય : શ્રીમતી નીતા દિપક નાગડા 9300801188
સદસ્ય : શ્રીમતી ડિમ્પલ રાહુલ નાગડા 7879590142
સદસ્ય : શ્રીમતી પાયલ ભરત મૈશરી 9977963014
સદસ્ય : શ્રીમતી હીના હરીશ શાહ 9691167789

### સભાગૃહ વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી ભુપેશ ઉમરશી શાહ (ધમતરી) 9425212449
સદસ્ય : શ્રીમતી રાજુલાબેન ભુપેશ શાહ (ધમતરી) 9425212449
સદસ્ય : શ્રીમતી ઉષાબેન દિનેશ મોમાયા 9302323991
સદસ્ય : શ્રીમતી હેતલ ચંદ્રેશ શાહ (ધમતરી) 9406119666
સદસ્ય : શ્રીમતી ભક્તિ ધવલ દંડ (ભિલાઈ) 9644091289
સદસ્ય : કુ. રૌશની તરૂણ શાહ 9977185448
સદસ્ય : કુ. નમ્રતા ચેતન શાહ 9300010300
સદસ્ય : કુ. પુર્વા ભુપેન્દ્ર મોમાયા 9617532698
સદસ્ય : કુ. દિપા ભુપેન્દ્ર મોમાયા -
સદસ્ય : કુ. ચાંદની કીર્તિ પોલડીયા 8251990497
સદસ્ય : કુ. કિરણ કીર્તિ પોલડીયા -
સદસ્ય : કુ. સેજલ વિજય શાહ 9200667500

### ખુલ્લા અધિવેશન વ્યવસ્થા સમિતિ

પ્રમુખ : શ્રી હરીશ જવેરચંદ લોડાયા 9425209700
સદસ્ય : શ્રી ભુપેશ ઉમરશી શાહ (ધમતરી) 9425212449
સદસ્ય : શ્રી નવીન ઉમરશી શાહ 9479263430
સદસ્ય : શ્રી યોગેશ પદમશી દંડ (ભિલાઈ) 9302836093
સદસ્ય : શ્રીમતી ગીતા હરીશ લોડાયા 9755009600
સદસ્ય : શ્રીમતી કવિતા સંજય છેડા (ભાટાપારા) 9754676232

### શ્રી પંચ કલ્યણક પુજા શ્રી ભલારાદાદા પાઠ, શ્રી ધણીબાવા પાઠ, શ્રી મહાકાળી માતા ભાવના સમિતિ

પ્રમુખ : શ્રીમતી મીનાબેન ઉત્તમચંદ મૈશેરી 9009945150
સદસ્ય : શ્રીમતી વિજયાબેન ઉત્તમચંદ લોડાયા 8103790307
સદસ્ય : શ્રીમતી ચંદાબેન નવીન શાહ -
સદસ્ય : શ્રીમતી મંજુલાબેન કુલીનકાંત જીવાણી 9300711711
સદસ્ય : શ્રીમતી પ્રવીણાબેન સતીષ છેડા 9713299911

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 38/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# 'અનંતછાયા' જિનાલય નવનિર્માણ અંગે ટ્રસ્ટીઓએ પારદર્શી અને વિધિસરની કાર્યવાહી કરવી જોઈએ.

મુંબઈ મહાજનના 'અધિકૃત પ્રકાશન' 'કેડીઓ વર્લ્ડ'ના ૧૬-૩૧ ઓગસ્ટ ૨૦૧૪ના અંકમાં અનંતનાથજી ટ્રસ્ટને અનંતછાયા (ઘાટકોપર)ના જિનાલયના નવનિર્માણ માટે રૂ.૩કરોડ ૫૧ લાખની ઓફર મળી છે અને ૩૦ ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં રૂ.૨૫ લાખ ઉમેરીને ઓફર આપવા ટ્રસ્ટીઓ દ્વારા જ્ઞાતિજનોને અનુરોધ કરાયો હતો.

સૌ પ્રથમ તો ઓફર કરનારની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે કેમ કે આ ઓફરથી અનંતછાયા વિવાદનો એક મહત્ત્વનો મુદ્દો સહજપણે હકારાત્મક રીતે સુલટી જાય છે. જોકે, આ બાબત અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા અનંતછાયાની મિલકત અંગે કરાયેલ વેચાણ કરારનો એક ભાગ છે, તેથી તેમાં કેટલાક કાનુની પ્રશ્નો અને વિધિઓના મુદ્દે તકેદારી લેવાય તે આવશ્યક બને છે.

પહેલી મહત્ત્વની વાત એ છે કે ચેરીટી કમીશનરે અનંતછાયાના વેચાણ અંગે જે મંજુરી આપી છે તે ટ્રસ્ટબોર્ડે પ્રારંભમાં ડેવલપર સાથે કરેલ કરારની શરતોના અનુરૂપમાં અને તેના આધારે હતી, તે ભૂલાવું ન જોઈએ.તેથી નુતન જિનાલયના નિર્માણ બાબતે એ કરારમાં ફેરફાર કરવાનો હોય તો ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશનર સમક્ષ યોગ્ય અરજી કરીને ઉક્ત વેચાણ અંગે અપાયેલ મંજુરીના હુકમમાં વિધિસરનો સુધારો કરાવી લેવો જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ કાનુની અડચણ ઊભી ન થાય.

અલબત્ત, મુંબઈ મહાજનના ઉક્ત પ્રકાશનનો અંક જ્ઞાતિજનોને ૨૮ ઓગસ્ટની આસપાસ મળ્યો છે અને તે ૩ કરોડ ૫૧ લાખની ઓફરમાં જે જ્ઞાતિજનો વધારો કરવા ઈચ્છુક હોય તેમને ૩૦ ઓગસ્ટ સુધીમાં તેમ કરવા જણાવાયું છે તેથી તેવી ટૂંકી મુદત કે સમય મર્યાદાને કોઈ પણ રીતે ઉચિત ન ગણી શકાય. વધુમાં તે વખતે અનેક જ્ઞાતિ અગ્રણીઓ અને જ્ઞાતિજનો પોત પોતાના વતનના ગામોમાં પર્યુષણ પર્વની આરાધના અર્થે ઉપસ્થિત હતા. તેમના ધ્યાનમાં પણ આ જાહેરાત ઉક્ત મુદત પછી જ આવી હોય તેવું બન્યું છે તે બાબતને પણ જરા પણ ગૌણ ન લેખી શકાય.

અનંતછાયાની જમીન અને તે પરના મકાનો (જે હવે જમીન દોસ્ત થઈ ગયા છે) અનંતનાથજી ટ્રસ્ટના સાધારણ ખાતાની માલિકીની મિલકત છે જ્યારે જુનું દેરાસર (જે હવે મૂળ જગ્યાએથી સ્થળાંતર પામ્યું છે) અને તેમાંના ઉપકરણો, સ્વપ્ન વગેરે ટ્રસ્ટના દેરાસર ખાતાની માલિકીના છે. તે દષ્ટિએ મુંબઈ મહાજનશ્રીની એક વિધિવત બોલાવાયેલી સામાન્ય સભામાં આવા ચડાવાની ઓફરો પર વિચારણા કરી આખરી નિર્ણય લેવો જોઈએ તે મૂળભૂત કાનૂની જરૂરિયાત છે. પરંતુ આમ બન્યું નથી, તેને કારણે ટ્રસ્ટીઓ દ્વારા થયેલ આ આખી કાર્યવાહીમાં મુશ્કેલી આવી શકે છે તેની ગંભીરતા સમુચિતપણે સમજીને આખી કાર્યવાહી નવેસરથી કરવાની જરૂર છે.

બીજું, ઉક્ત જાહેરાતમાં ૩૦ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં સર્વોચ્ચ રકમની ઓફર કરનારને જિનાલયના નવનિર્માણનો લાભ મળશે એવું જણાવ્યું છે. પરંતુ ટ્રસ્ટીઓએ આ બાબત હજી આખરી નિર્ણય લીધો ન હોય તેની શક્યતા વધુ લાગે છે. અન્યથા, મુંબઈ મહાજનશ્રી દ્વારા ૬ સપ્ટેમ્બરના તપસ્વીઓના સામૂહિક સાંજી અને સન્માન કાર્યક્રમમાં અનંતછાયાના નૂતન જિનાલયના નિર્માણ બાબતે કોને આદેશ અપાયો છે તેની જાહેરાત અવશ્ય થઈ હોત.

વળી, મૂળતઃ આ આખી બાબત અનેક રીતે સ્પષ્ટ નથી. ચેરીટી કમીશનરે આપેલ મંજુરી અનુસાર ડેવલપરે પોતાના ખર્ચે આ નૂતન જિનાલયનું નિર્માણ કરવાનું છે. એટલે ટ્રસ્ટીઓને ૩ કરોડ ૫૧ લાખની જે ઓફર મળેલ છે તેમાં ઓફર કરનાર પોતાના ખર્ચે પોતાની સંયોજના (પ્લાનીંગ) મુજબ નૂતન જિનાલયનું નિર્માણ કરશે અને તેમનું કે તેઓ સૂચવે તે નામ જિનાલયમાં ધ્યાનાકર્ષક સ્થાને દર્શાવવું જોઈએ તેવી શરત છે કે નૂતન જિનાલયનું બાંધકામ ડેવલપર કે અન્ય વ્યક્તિ કરે અને ફક્ત પોતાનું નામ જ નૂતન જિનાલય પર કે તેના પરિસરમાં દર્શાવાય તેવી શરત છે કે કોઈ અન્ય શરત કોઈ શરત છે તેની વિગતો ટ્રસ્ટીઓએ જાહેર કરી નથી, તેથી પણ સ્વભાવિકતઃ આશ્ચર્ય થાય છે.

એક બાજુ ઓફર કરનારે કઈ શરતો મૂકી છે તેની સ્પષ્ટતા ન કરવામાં આવે અને બીજી બાજુ ચડાવા ઈચ્છુક જ્ઞાતિજન પાસેથી એ અપેક્ષા રાખવામાં આવે કે તેમનો ચડાવો ૩૦ ઓગસ્ટ સુધી મળવો જોઈએ તે વાત બધી રીતે ગેરવ્યાજબી છે.

આમ છતાં, આ જાહેરાત કરવા પહેલાં, ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે અમુક પ્રકારે સમજુતી કરીને અંગે ઉચિત કરાર કર્યો હશે જ, તે વિશે બેમત ન હોઈ શકે. જેમ કે, નૂતન જિનાલયના નિર્માણનું કાર્ય હવે ટ્રસ્ટ કે જ્ઞાતિ કરવા ઈચ્છે છે તે બાબતે ડેવલપરની સંમતિ લઈ, મૂળ ૪૫ કરોડની વેચાણ કિંમતમાં અમુક અમુક કરોડનો વધારો મેળવવા ટ્રસ્ટીઓએ સમુચિત કાર્યવાહી ન કરી હોય તેમ માનવાને પણ કોઈ કારણ નથી.

ટ્રસ્ટીઓએ જ્ઞાતિ સમક્ષ, આ રીતે વધારાની રકમ મેળવી હોય તો તેની જાણકારી વેળાસર રજુ કરવાની ફરજ બજાવી નથી, એ મુદ્દાને હવે બાજુ પર મૂકીએ તો, ટ્રસ્ટીઓએ ઉક્ત આખી બાબત હાલ પુરતી મુલતવી રાખી છે કે કેમ કે કોઈની ઓફર સ્વીકારાઈ છે કે કેમ તેની તેમજ અન્ય સર્વ મુદ્દાઓ વિશે જ્ઞાતિજનોને માહિતગાર કરવા હજી પણ મોડું થયું નથી.

ટ્રસ્ટીઓ છેલ્લા ચાર વર્ષથી પોતે અપનાવેલ બીનપારદર્શી શૈલી અને ટ્રસ્ટની મિલકતોનો વહીવટ ખાનગી કંપનીની જેમ કરવાની કાર્યપધ્ધતિ હજી પણ અપનાવી રહ્યા છે તે કાર્યપધ્ધતિ ટ્રસ્ટીપદની શાલીનતાને બિલકુલ સુસંગત નથી તેટલું જ ઓછામાં ઓછું કહીએ તો તેમાં ઘણુંબધું આવી જાય છે.

આશા રાખીએ કે આ બાબત ડેવલપર, ટ્રસ્ટ અને મુંબઈ મહાજનશ્રીના હક અને અધિકાર ક્ષેત્રોને સ્પર્શતી હોઈ, ટ્રસ્ટીઓ સર્વ પક્ષકારો અને સંબંધિતોને વિશ્વાસમાં લઈને અને જિનાલયના નવનિર્માણ જેવી સંવેદનશીલ ધાર્મિક આસ્થાની બાબતને અનુલક્ષીને તેમાં કોઈ પણ કાનુની કચાશ ન રહે તેની ઉપયુક્ત તકેદારી રાખીને યોગ્ય કાર્યવાહી કરશે.

**રા.**

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજનના નેજા હેઠળ રાયપુરમાં ડિસેમ્બરમાં મળનારા જ્ઞાતિ સંમેલનને ઐતિહાસિક બનાવવા ચાલીસગામ ખાતેની વિશેષ સભાને સફળ બનાવવા માટે જ્ઞાતિજનો અને આગેવાનોનો આભાર.

- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## શુભાનુબંધ (ભાગ - ૨) ડૉ. પ્રવિણ સી. શાહ કર્મ બંધ કરતા પણ અનુબંધ મહત્વનો

પ્રારંભથી મુક્તિ પર્યંત પહોંચાડે ત્યાં સુધીના ધર્મને મહાપુરુષોએ ભૂમિકાઓમાં વિભાજીત કર્યો છે. પાંચ પ્રકાર પાડચા છે. માટે અશુભ અનુબંધવાળા ધર્મથી ચમકો (ગભરાઓ) અને તેમાં સુધારો કરો. અનુબંધ શુભ થાય તેવી મહાપુરુષની ઈચ્છા છે. માટે એમને એમ ધર્મ કર્યે રાખવાનો નથી. સંસારના સુખો તો આડપેદાશ છે, જયારે મહત્તા તો મુખ્ય પેદાશની છે. માટે જ્યારે જીવ ગુણનું સેવન કરે છે, ત્યારે બંધ શુભ પડે છે, પણ અનુબંધ અશુભ પણ પડી શકે છે, તેથી એ સમજવાનું કે તે ધર્મ સંસારપરિભ્રમણનું પણ કારણ બની શકે. જે ધર્મ મોક્ષ ન આપી શકે તે ધર્મ, ધર્મ નથી.

અભ્યુદય તો આડ-પેદાશ છે. જેમ ભગવાન મહાવીરે અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકયો કે માતાપિતાની હાજરીમાં દીક્ષા લઉં તો શું પરિસ્થિતિ થાય? જોયું કે માતાપિતાને તેમના પ્રત્યે અનુરાગ એટલો બધો તીવ્ર છે કે જો વહેલાં સંયમ લે તો માતાપિતાને અશુભ અનુબંધ પડે, જેથી અનેક વખત દુર્ગતિનું કારણ બને. માટે ભગવાન ચારિત્ર મોહનીય નિકાચિત ન હોવા છતાં સંસારમાં રહ્યા. તેમને નેમનાથ ભગવાનની જેમ સંસારમાં રહેવું જ પડે, લગ્ન કરવા જ પડે તેવું ચારિત્રમોહનીય નિકાચિત નહોતું.

પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબ કહે છે કે **પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ વર્તમાનમાં બંધાતા કર્મમાં ભાવિમાં નવું કર્મ બંધાવવાની જે શક્તિ પડે છે તે અનુબંધ છે. માટે બંધ કરતાં પણ અનુબંધની મહત્તા વધારે છે. પાપનો બંધ પડ્યો હોય પણ ત્યારે જો અનુબંધ પુણ્યનો પડે તો તે જીવ બાજી જીતી જાય છે.**

હેય-ઉપાદેયનો વિવેક તે અનુબંધની આધારશિલા છે. જેમ ભાવથી સમકિતી આત્માને કોઈ પણ બળવાન પાપકર્મ, તેની ઉદય વેળાએ જ માત્ર એક વાર, તેવું પાપ તે જીવ પાસે કરાવી શકે છે, તે પાપ તેનું છેલ્લી વખતનું પાપ હશે, કારણ તે પાપ કરતાં પણ તેને અનુબંધ પુણ્યનો પડે છે, કારણ કે તેને તે વખતે પણ સમકિત જીવંત છે, તત્ત્વની રુચિ પડેલી છે. દા. ત. જેમ કે સમકિતી જીવ કર્મના આવેશથી હિંસા કરી આવશે, પણ તે વખતે જ સમકિત જીવંત હશે તો હિંસામાં તેને હેયબુદ્ધિ જ હશે, જેના કારણે ત્યારે તેને અનુબંધ પુણ્યનો પડશે. શુભ અનુબંધ પડવાના કારણે તેને વર્તમાનમાં બાંધેલા પાપના ઉદય વખતે સદ્‌બુદ્ધિ આવશે.

જ્યારે બીજાને તે વખતે દુર્બુદ્ધિ જ મળશે, કારણ કે તે અવિરતિમાં લીન હતો. અશુભ અનુબંધ પડે તો પાપની પરંપરા ચાલુ થાય છે, તે પાપના ઉદય વખતે જીવને ઊંધી બુદ્ધિ આપે. તેને અવિરતિમાં જ સુખ લાગે. અવિરતિ સિવાય બીજું કંઈ તેને ફાવે જ નહિ. જ્યારે સમકિતીને આપત્તિ આવે પણ સદ્‌બુદ્ધિના કારણે તેનું વિષચક્ર ચાલે નહિ. પહેલા નંબરે તો તમે અશુભ અનુબંધને શિથિલ કરો. ભગવાને કહેલી માન્યતાઓનો ઓઘથી પણ સ્વીકાર કરો, તો અશુભ અનુબંધ શિથિલ થવા માંડે. અનુબંધ જો શિથિલ હોય તો સારા નિમિત્તના બળથી તે દુર્બુદ્ધિને દબાવી સારી પ્રવૃત્તિ કરી શકે, પણ અનુબંધ તીવ્ર હોય તો નિમિત્તો કે કારણોને જીવ ખાળી ન શકે. માટે અનુબંધ શિથિલ થાય તેની પણ બહુ કિંમત છે.

ધર્મ તો વિરતિ મેળવવા માટે જ કરવાનો છે. સમકિતીનો વ્યવહારનયથી અર્થપુરુષાર્થ, પણ નિશ્ચય નયથી ધર્મપુરુષાર્થ છે. કારણ કે વેપાર કરતાં પણ તેને થાય કે હું કમભાગી છું. લોભ મને સતાવે છે અને હું વેપાર કરું છું. આવશ્યકતા છે માટે કરું છું, પણ જો બાલ્ય અવસ્થામાં વિરતિ-દીક્ષા લીધી હોત, તો આ પાપના સેવનનો પ્રસંગ જ ઉપસ્થિત ન થાત. આ વિચારધારાથી અનુબંધ શુભ પડે.

સમકિતીને સંસારમાં વ્યવહારનયથી ધર્મ-અર્થ-કામ એમ ત્રણ પુરુષાર્થ છે, પણ નિશ્ચયનયથી તેને તે સઘળામાં એક ધર્મપુરુષાર્થ જ છે. સમકિતીને કર્મ બળવાન છે માટે પાપપ્રવૃત્તિ કરાવે, અને તે વખતે પાપનો બંધ પણ થશે, પણ તેને અનુબંધ તો શુભ જ થશે. સમકિતી એમ ને એમ બેઠો હોય કે ધંધાના વિચાર કરતો હોય ત્યારે પણ, સમકિતનો અધ્યય વસાય તેને સમયે સમયે અસંખ્યાત ગુણ નિર્જરા કરાવતો જાય છે.

અપુનર્બંધકદશાથી જીવને પુણ્યાનુબંધીપુણ્ય ચાલુ થાય છે. જેટલા અંશે વિવેક આવે તેટલા અંશે શુભ અનુબંધ પડે છે. અવિવેકીને સૂક્ષ્મ બુદ્ધિ જ નથી. તે ધર્મ કરીને અનુબંધ શું સુધાર વાનો હતો? એટલે અવિવેકીને તો અશુભ અનુબંધ જ પડવાનો. સમકિતી જીવ પૂર્ણ વિવેકના પ્રભાવે શુભ અનુબંધ જ પાડે છે. જ્યારે અપુનર્બંધક અવસ્થાવાળા જીવને હજી પૂર્ણ વિવેક પ્રગટ્યો નથી, માટે તેને જેટલે અંશે વિવેક તેટલે અંશે શુભ અનુબંધ, અને જેટલે અંશે અવિવેક તેટલે અંશે અશુભ અનુબંધ પડશે. અપુનર્બંધકને ભલે પૂર્ણ વિવેક નથી, હેતુ-સ્વરૂપ અને અનુબંધનો તેને હજી બોધ નથી, પરંતુ પૂર્ણ વિવેક થઈ શકે તેવી તેની યોગ્યતા છે.

જેમ જેમ તેને વેગ મળે તેમ તેમ તેની ગતિ તે તરફ થાય છે, કારણ કે તેને કદાગ્રહ નથી. અત્યારે તે જે કરે છે તેનાથી ભાવિ માટેનું પાયાનું કામ તૈયાર થાય છે. વ્યવહારનયથી અપુનર્બંધક અવસ્થાથી જીવો ધર્મશ્રવણ કરવાને યોગ્ય બને છે, જ્યારે નિશ્ચયનયે તો સમકિતી જીવોને જ ધર્મશ્રવણ માટે યોગ્ય કહ્યા છે. અનુબંધ માટે વિવેક તત્ત્વપ્રતીતિ કારણ છે. જેટલા અંશમાં વિવેક ખીલેલો હશે તેટલા અંશે અનુબંધ શુભ પડશે.

**આદરાંજલિ**



**જન્મ :**
**૨૯.૦૫.૧૯૪૫**

**સ્વર્ગવાસ :**
**૩૦.૦૮.૨૦૧૪**

**સંઘવી શ્રી ભાગચંદ દામજી ધરમશી (જૈન)**

**ગામ : કચ્છ - કોઠારા    હાલ : મુલુંડ**

**સ્વભાવમાં સૌમ્યતા અને વહેવારમાં વાત્સલ્યતા વડે સંબંધોમાં સુમધુરતા બક્ષનારા અને સતકાર્યોમાં સમર્પિત ભાવ સાથે માનવ આયખાને ઉજાગર કરનારા મુરબ્બી વેવાઈશ્રી ભાગચંદભાઈના આત્મા પ્રતિ આદર ભાવે શ્રધ્ધા સુમન અર્પણ.**

**હિરાબાઈ તથા કુંવરજી મણશી લાલકા**

(ગામ : વારાપધર - ડોંબિવલી

**લતાબાઈ તથા લક્ષ્મીચંદ મેઘજી દંડ**

(ગામ : લુણી - ડોંબિવલી)

**દેવબાલા તથા મણીકાંત વિસનજી નાગડા**

(ગામ : તેરા - મુલુંડ)

## શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પુના

શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પુના દ્વારા થયેલ પર્યુષણની ઉજવણીમાં તા૨૭.૦૮ ના સ્વપ્નજીના કાર્યક્રમ વખતે થયેલ સ્વામિવાત્સલ્યના દાતા શ્રી જેઠાભાઈ ડુંગરશી લોડાયા હસ્તે દિનેશભાઈ હતા.

તા.૩૦.૦૮ના સંવત્સરી પ્રતિક્રમણ વખતે માતુશ્રી વિજયાબાઈ દેવજી નાગડા પરિવારે પ્રભાવના કરેલ.

તા.૩૧.૦૮ના સામુહિક ક્ષમાપના સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ વખતે શ્રી જયંત દેવજી વીરજી નાગડા (રંગપુર) એ સંઘ માટે વર્ષાનુવર્ષ તન-મન-ધનથી આપેલ યોગદાનને ચીફ ગેસ્ટ તરીકેનું માન ભર્યું સ્થાન અપાયેલ.

પ્રાચી વીરેન ધરમશી દ્વારા નવકાર બાદ માતુશ્રી કાંતાબેન લક્ષ્મીચંદ રતાણીએ ક્ષમાપના કરાવેલ. જ્ઞાતિ શિરોમણીથી છબીનો હાર પહેરવવાનો લાભ શ્રી જેઠાભાઈ ડુંગરશી લોડાયા પરિવાર હસ્તે દિનેશભાઈએ લીધેલ.

આ પ્રસંગે સંઘની એજ્યુકેશન ફોરમના શૈક્ષણિક બહુમાન કાર્યક્રમનું સારી રીતે સંકલન કરતા શ્રી પ્રશાંત પદમશી લાલકા, શ્રી મિલન હિરાચંદ પટેલ, શ્રી દિનેશ પદમશી મોમાયા, શ્રી નરેન્દ્ર પદમશી શિયાળ અને જ્ઞાનેશ ચીમનલાલ ડાઘાને સેવાને બિરદાવવામાં આવી.

**સહયોગી દાતાઓના આભારને સમાચારનો ભાગ ન બનાવવા સંઘ અને મહાજનોને ખાસ સુચના**

ઘણા સંઘો અને મહાજનો તેમની વિવિધ પ્રવૃત્તિ માટે સહયોગ આપનાર દાતાઓની યાદી અને આભાર દર્શનને સંસ્થા સમાચારના ભાગરૂપે મોકલે છે. તેમને ખાસ સૂચના કે આવી વિગતો જાહેરાત રૂપે જ આવી શકાશે.

**● નોંધઃ અંક નં. ૩૫ પાના નં. ૯ પર પ્રગટ થયેલ 'કચ્છીમાં લખાણના જવાબ આપવાના' લેખિકા શ્રીમતી સરલાબેન હંસ કુમાર નાગડા - માટુંગા છે.**

**● અંક નં. ૩૭ પાના નં. ૧૨ પર પ્રગટ થયેલ ઝુકી તો જવાય સંબંધી સામગ્રીના લેખિકા શ્રીમતી વનીતા હરીશ નાગડા - વડાલા છે.**

## શ્રી શાંતિનાથય નમો નમઃ

શ્રી કચ્છ સાંધવનગરે શ્રી શાંતિનાથ દાદાની શિતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રીજી લક્ષગુણાશ્રીજી મ.સા.પ.પૂ.પા ગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વ પર્યુષણ શાનદાર રીતે ઉજવાયા.

તા.૨૨.૦૮.૨૦૧૪ના ૧૨૫ જણની સંખ્યામાં માદરેવતન તરફ સયાજીનગરીમાં પ્રયાણ. સ્ટેશન ઉપર ચા-નાસ્તાના પેકેટનો લાભ માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર (મુલુંડ), ટ્રેનમાં ચૌવિહારનો લાભ માતુશ્રી વિરબાઈ રાઘવજી લોડાયા હસ્તે ભવાનજીભાઈ, મુલુંડ ટ્રેનમાં ચોકલેટ, પીપર આપવાનો લાભ નેવિલ સ્મિત વિપુલ પટેલ, શોપીંગબેગ શ્રી સમીર શામજી દંડ (મુલુંડ), ભેલઃ તેજેશ, શ્રેયા પ્રવિણ મોતા (ડોંબિવલી), ચિકી - જેનિક, પ્રીશા હિરેન દંડ (મુલુંડ), સિંગભુજીયા : પ્રિયાંશી જયેશ લોડાયા (મુલુંડ), મગદાર : સ્વ પ્રભાબેન નિતિન ધરમશી (સાંધાણ), ખીચી : કનિષ્ક, વત્સલ, મોક્ષીલ પટેલ (મુલુંડ). ટ્રેનમાં રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના કરવામાં આવી.

**રૂ. ૧૧૦૦/- નો લાભ લેનાર ભાગ્યશાળીઃ** ૧. શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા (દાદર), ૨. શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર), ૩. શેઠશ્રી શામજી શામજી નરશી દંડ (મુલુંડ), ૪. માતુશ્રી ઝમકુબાઈ લાલજી દંડ (મુલુંડ), ૫. માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (ડોંબિવલી), ૬. માતુશ્રી દમયંતીબાઈ હંસરાજ દંડ (મુલુંડ), ૭. માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ (વાપી), ૮. માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા (ડોંબિવલી), ૯. માતુશ્રી લક્ષ્મીબાઈ મુલજી દંડ (ઘાટકોપર) ૧૦. માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (મુલુંડ) ૧૧. ધનબાઈ દેવરાજ લોડાયા (મુલુંડ), ૧૨. શ્રી શામજી માણેકજી લોડાયા (થાણા), ૧૩. શ્રી મુલજી માણેકજી લોડાયા (ઘાટકોપર), ૧૪. નવિન માણેકજી લોડાયા (થાણા), ૧૫. શ્રી પ્રવિણ માણેકજી લોડાયા (થાણા) ૧૬. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (થાણા) ૧૭. ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ), ૧૮. શ્રી માણેકજી મેઘજી લોડાયા (મુલુંડ), ૧૯. શ્રી મેઘજી કુંવરજી ખોના (ડોંબિવલી), ૨૦. શ્રી ભવાનજી નરશી દંડ (મુલુંડ), ૨૧. શ્રી રાયચંદ નરશી દંડ (મુલુંડ), ૨૨. શ્રીમતી જયાબેન લક્ષ્મીચંદ દંડ (ભાડુંપ), ૨૩. માતુશ્રી  ચંદનબાઈ ચીમનલાલ સોની (વાકું -બાગલકોટ).

**રૂ.૫૦૦/- નો લાભ લેનાર ભાગ્યશાળીઃ** ૧. શ્રી પ્રફુલ્લ માણેકજી લોડાયા (મુલુંડ), ૨. શ્રી દામજી નરશી દંડ (ભાડુંપ), ૩. શ્રી ભવાનજી રાઘવજી લોડાયા (મુલુંડ), ૪. શ્રી પદમશી કુંવરજી પટેલ (કલકત્તા) ૫. શ્રી વર્ધમાન પદમશી લોડાયા (વિઠ્ઠલવાડી), ૬. શ્રી સોમચંદ વિસનજી દંડ (કાંજુરમાર્ગ), ૭. શ્રી નવિન દેવણાંત લોડાયા (મુલુંડ), ૮. શ્રી કિશોર દેવણાંત લોડાયા (ડોંબિવલી), ૯. શ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા (ભાડુંપ), ૧૦. મણીલાલ ભવાનજી લોડાયા (ભાડુંપ), ૧૧. માતુશ્રી નવલબાઈ મણીલાલ દંડ (ગોરેગામ), ૧૨. માતુશ્રી ઝમકુબાઈ જેઠાભાઈ લોડાયા (ખામગામ), ૧૩. દિપક મણીલાલ દંડ (ચિંચપોકલી), ૧૪. માતુશ્રી મધુરીબાઈ રાયચંદ લોડાયા (મુલુંડ), ૧૫. માતુશ્રી લાખબાઈ કાંતીચંદ ખોના (ઘાટકોપર), ૧૬. શ્રી કરમશી નરશી દંડ (ભાડુંપ), ૧૭. શ્રી પરેશ માણેકજી દંડ (ડોંબિવલી) ૧૮. શ્રી કમલેશ આણંદજી દંડ (પાચોરા) ૧૯. શ્રી ચાંપશી કુંવરજી દંડ (વાપી), ૨૦. કાનજી કુંવરજી દંડ હસ્તે મુકેશ (વાપી), ૨૧. જીવરાજ કુંવરજી ખોના (ડોંબિવલી), ૨૨. શ્રી દિપેશ ભરત મેઘજી ખોના (ડોંબિવલી), ૨૩. માતુશ્રી મેઘબાઈ મુરજી દંડ (ભાડુંપ), ૨૪. માતુશ્રી મણીબાઈ મેઘજી ધુલ્લા (સુથરી), ૨૫. ચંદનાબેન નવિનચંદ્ર મૈશેરી (જખૌ), ૨૬. માતુશ્રી સોનબાઈ પદમશી લાપસીયા (કોઠારા), ૨૭. રેવંતીબાઈ ચંદ્રકાંત મૈશેરી (માંડવી), ૨૮. પ્રેમચંદ દેવજી મોમાયા (રાણપર), ૨૯. વિજયાબેન ભદ્રીચંદ લોડાયા (રવા), ૩૦. દિનેશ કુંવરજી મોતા (નલિયા), ૩૧. માતુશ્રી હીરાવંતી તિલકચંદ લોડાયા (બારોઈ), ૩૨. સોનલબેન સુરેશ  ખોના (વાકું), ૩૩. પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા (સાંયરા), ૩૪. શ્રી ઝવેરચંદ લખમશી ધરમશી (લાલા), ૩૫. નીતાબેન વિજય લોડાયા (મોટી ખાવડી).

તા.૨૩.૦૮.૧૪ના સવારના ભુજથી બસોદ્વારા બોત્તેર જિનાલય તરફ પ્રયાણ. પૂજા-પાઠ નવકારશીનો લાભ આપી, નાગલપૂરમાં પ.પૂ.વિપુલગુણાશ્રીજી મ.સા.ને વંદનકરી શિવમસ્તુ તિર્થે દેવદર્શન કરી, ગોંધરા દેવદર્શન કરી પૂ.મ.સા.ને વંદન કરી સાધર્મિક ભક્તિનો લાભ લઈ ઉનડોઠમાં દેવદર્શન. પૂ.મ.સાને વંદન કરી ચા નાસ્તાનો લાભ આપી સાંધવ તરફ પ્રયાણ.

સાંધવ ગામે સંઘનું વાજતે ગાજતે સામૈયું કરવામાં આવેલ. દેવ દર્શન કરી પૂ.મ.સા.ને વંદન કરી પોતપોતાના ઉતારે ગયેલ.

દરેક તિર્થમાં સંઘનું વાજતે ગાજતે સામૈયા તેમજ બહુમાન કરવામાં આવેલ. ભુજથી સાંધવ પંચતિર્થનો સંપૂર્ણલાભ માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા પરિવાર (ડોંબિવલીવાળા) એ લીધેલ. રાત્રે મહાકાળી માતાજીની ભાવના રાખવામાં આવેલ.

તા. ૨૪.૦૮.૧૪ના પર્યુષણ પર્વની આરાધના શરૂ થયેલ. દરરોજ શુભપ્રભાતે રાઈ પ્રતિક્રમણ બાદ પ્રભુજીની

પક્ષાલ, પૂજા ચડાવા લેનાર ભાગ્યશાળીને પ્રથમ લાભ ત્યારબાદ ઢોલશરણાઈ મધુરવાદક, ૮ નવકારમહામંત્ર જાપ, ભક્તામર, પ્રભુજીના મૂખેથી કલ્પસુત્રવાચન રાત્રે પ્રતિક્રમણ, પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગરચના પ્રભુજીની ભક્તિ ભાવના. દરરોજ ૪૦/૫૦ રૂા. નું સંઘપૂજન પ્રભાવનાઃ વ્યાખ્યાનમાં પ્રતિક્રમણમાં અલગ અલગ પ્રભાવનાઓ. ૧૨૫થી ભક્તામર લક્કીડ્રો, અનુષ્ઠાનો તેમજ ભાવનામાં લક્કીડ્રો ધાર્મિક ગેમો.

સ્વપ્નમાં ઐતિહાસિક બોલીઓ, ટોટલ ૩૦૪૦૦૪ મણ થયેલ. ટોટલ ધુર્ત ૪૦૪૮૪૧ મણ થયેલ. કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ ૫૧૦૦મણ નવીનભાઈ જીવરાજ નાગડા ગામ સાંધાણ હસ્તે તેજલ કેતન નાગડા.

પારણું પધરાવનાર શ્રી પદમશી કલ્યાણજી ખોના હસ્તે નેણસી ખોના ૭૧૦૦મણમાં.

બીજના દિવસે બહેનોએ હાલાર પારણા સ્તવન હરીફાઈ તેમજ ચોથના સવારે સુખી સાડી નૃત્ય રાખવામાં આવેલ બહેનોએ હોંશ પૂર્વક ભાગ લીધેલ.

ચોથના દિવસે બપોરના સમૂહ સાંજી રાખવામાં આવે. ૬૫ ઉપવાસવાળાને ૫૧૦૦ રૂા., ૨૫ ઉપસવાળાને ૩૧૦૦, ૧૬ ઉપવાસ ૨૧૦૦ ૯ ઉપવાસ ૧૨૦૦, ૮ ઉપવાસ ૧૧૦૦/- અઠમ તપવાળાને ૩૦૦/- છઠ ૨૦૦ રૂ. વર્ષીતપ ૨૫૦રૂ. ૪૫ એકાસણા ૨૫૦/- રૂ. ૮એકાસણા ૧૫૦રૂ. આઠ આંબિલ ૨૫૦રૂ અક્ષયનિધિ, ચૌદપૂરવ તપ, ૪૫ એકાસણા તથા સાંધવ ચાર્તુમાસ કરનારને ૭૫૦/- રૂ નું કવર આપી સાંધવ સંઘ તરફથી બહુમાન કરવામાં આવેલ પૂજારીના ફાળામાં સારી એવી રકમ જમા થયેલ. સાંધવ સંઘ તરફથી તેમજ પૂ.મ.સા.ના કુટુંબીજનો તરફથી પૂજારી, રસોડા ખાતે કામ કરતી બહેનો, ચાર્તુમાસ કર્મચારીઓ તેમજ પટાવાળાનું બહુમાન કરેલ.

પાંચમના દિવસે કુમાર પાળ રાજા બનાવવાનો લાભ શ્રી ગુલાબ ચીમનલાલ સોની બાગલકોટવાળાએ લીધેલ. વાજતે ગાજતે સંઘ સાથે કુમારપાળ રાજાની આરતી ઉતારેલ.

પાંચમના એક ઉપવાસ રાખનારને રૂ.૧૦૦ની પ્રભાવના ભાગચંદ દામજી ધરમશી તરફથી કરવામાં આવેલ. ૭૦જણાએ ઉપવાસ કરેલ.

છઠના બપોરના અઢાર અભિષેક રાખવામાં આવેલ. મીત દેવેન નવીન અને અજીત નવિન લોડાયા થાણાવાળાએ લાભ લીધેલ. સર્વે આરાધકોએ અભિષેકનો લાભ લીધેલ. મુંબઈ તેમજ દેશ દેશાવર કચ્છથી તેમજ માંડવી આશ્રમથી ગામવાસીઓ, નિયાણી બહેનો, મહેમાનો પધારેલ.

તા. ૦૧.૦૯.૧૪ના સાતમના સવારના બસો દ્વારા સાંધવથી નરેડી, મકડા- કાવ્યગુણાશ્રીજી મ.સા.ને વંદન કરી ગઢશીશા પ.પૂ. આચાર્ય ભગવંતને વંદન કરી શેરડી પ.પૂ. હંસાવલીશ્રીજી મ.સા.ને વંદન કરી બિદડા પ.પૂ. કલાપ્રભાસાગરજી મ.સા.ને વંદન કરી ભુજ કોવઈનગર કંચનસાગરજી મ.સા.ને વંદન કરી.

કચ્છમાંની યાત્રા પુર્ણ કરી. ચૌવિહારનો લાભ આપી. રલ્વે સ્ટેશન પહોંચ્યા. સાંધવથી ભુજ સંપૂર્ણ પંચતીર્થ કરવાનો લાભ શ્રી ઠાકરશી લાલજી પટેલ હસ્તે રાજેશ વિપુલ પટેલ (મુલુંડવાળા) એ લ)ધેલ. મુંબઈથી ભુજ ટ્રેનની ટિકીટ નો લાભ જનની શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા) ઘાટકોપરવાળાએ લીધેલ.

ચાર્તુમાસ કરાવનાર તેમજ પર્વ દરમિયાન સાધર્મિક ભક્તિનો લાભ શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા) પરિવાર (ઘાટકોપર) અને માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ હસ્તે શામજીભાઈ દંડ (મુલુંડવાળા) એ લીધેલ છે. સાંધવ મહાજને તેમની ખૂબ ખૂબ અનુમોદના કરેલ.

૩૫/૪૦જણની સંખ્યામાં દોઢ મહિના ચાર્તુમાસની આરાધના કરી રહ્યા છે. તપસ્યામાં ઉપવાસ, એકાસણા, આયંબિલ આદિ તપસ્યાઓ થયેલ. ચાર્તુમાસ દરમિયાન વ્યાખ્યાન પ્રભાવના દોઢ મહિના સુધી રૂ.૫/- ચાર્તુમાસ દાતા પરિવાર રૂ.૫ ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) રૂ.૫ માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (ડોંબિવલી) તરફથી કરવામાં આવેલ.

હાલમાં ચાર્તુમાસની આરાધના ૨૫જણની સંખ્યામાં કરી રહ્યા છે. પ.પૂ. મ.સાને વંદન કરવા શાંતિનાથ દાદાના દર્શન કરવા સંઘો આવી રહ્યા છે.

આઠ ઉપવાસથી વધારે તપસ્યા કરનાર માટે તનમનદુર હસ્તે ચિમનભાઈ મોતા તરફથી સમેતશિખર મહા તિર્થની યાત્રા જવાનો લક્કીડ્રો કાઢવામાં આવેલ જેમાં વિમલાબાઈ માંડવી આશ્રમવાળાને ઈનામ લાગેલ.

***ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતી , પ્રવીણ મોતા***

## નારી પ્રત્યે જૈનધર્મનો દષ્ટિકોણ - ડૉ.પ્રવીણભાઇ સી.શાહ (ભાગ-૨)
## પ્રારંભિક વિચાર પ્રમાણે ધર્મ સાધનામાં નર-નારી બન્ને સમાન

વનિતા



વિશ્વ

જૈન સંઘમાં નારીનું સ્થાન કેટલું મહત્ત્વપૂર્ણ હતું તેનું સૌથી મોટું પ્રમાણ તો એ છે કે પ્રાગ ઐતિહાસિક સમયથી વર્તમાનકાળ સુધી હંમેશાં ભિક્ષુઓની અપેક્ષાએ શ્રાવિકાઓની સંખ્યા અધિક રહી છે. સમયવાયાંગ સૂત્ર, જંબુદ્વીપ-પ્રજ્ઞપ્તિ, કલ્પસૂત્ર અને આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં પ્રત્યેક તીર્થંકરની ભિક્ષુણીઓ તથા શ્રાવિકાઓની સંખ્યા ઉપલબ્ધ થાય છે. આ સંખ્યાના આંકડાઓમાં ઐતિહાસિક સત્ય કેટલું છે તે એક જુદો પ્રશ્ન છે. પરંતુ તેનાથી એટલું નક્કી થાય છે કે જૈનાચાર્યોની દષ્ટિમાં નારી જૈનધર્મ સંઘનું મહત્ત્વપૂર્ણ ઘટક હતી. ભિક્ષુણીઓની સંખ્યા સંબંધે ઐતિહાસિક સત્યને પૂરી રીતે નકારી શકાય નહીં. આજે પણ જૈન સંઘમાં લગભગ નવ હજાર બસો ભિક્ષુ-ભિક્ષુણીઓમાં બે હજાર ત્રણસો ભિક્ષુઓ અને છ હજાર નવસો ભિક્ષુણીઓ છે. ભિક્ષુણીઓની આ સંખ્યા પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીના સમય કરતાં અધિક છે.

ધર્મ સાધનાના ક્ષેત્રમાં સ્ત્રી અને પુરૂષની સમાનતાના પ્રશ્ન પર ઐતિહાસિક દષ્ટિએ વિચાર કરીએ તો અનેક મહત્ત્વપૂર્ણ તથ્યો આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. સર્વ પ્રથમ ઉત્તરાધ્યયન, જ્ઞાતાધર્મકથા, અન્નકૃતદશા, આદિ આગમોમાં સ્પષ્ટ રૂપે સ્ત્રી અને પુરૂષ બંનેને સાધનાના સર્વોત્તમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ માટે સમાન મળ્યા છે. જ્ઞાતા, અન્નકૃતદશા અને આવશ્યક ચૂર્ણિમાં પણ અનેક સ્ત્રીઓ મુક્ત થયાના ઉલ્લેખ મળે છે. આ પ્રમાણે શ્વેતાંબર પરંપરામાં આગમિક કાળથી લઈને વર્તમાન કાળ સુધી સ્ત્રીમુક્તિની વિચારણાનો સ્વીકાર કરીને સાધનાના ક્ષેત્રમાં બંનેને સમાન સ્થાન આપવામાં આવ્યું છે. એટલું જ નહિ પરંતુ ષટ્ખંડાગમ ગ્રંથમાં તથા મૂલાચારમાં પણ અને દિગંબરોમાં પણ આગમ રૂપમાં માન્યતા પ્રાપ્ત છે.

સ્ત્રી-પુરૂષ બંનેમાં ક્રમશઃ આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા તથા મુક્તિની સંભાવનાનો સ્વિકાર કરવામાં આવ્યો છે. આપણને આગમો, આગમિક વ્યાખ્યાઓ, નિયુક્તિ ભાષ્ય અને ચૂર્ણિ સાહિત્યમાં ક્યાંય એવો સંકેત નથી મળતો, જેમાં સ્ત્રી મુક્તિનો નિષેધ કરવામાં આવ્યો હોય. અથવા એવા જૈન સંપ્રદાયનો ઉલ્લેખ નથી મળતો કે જેણે સ્ત્રીમુક્તિનો અસ્વીકાર કર્યો હોય.

સર્વપ્રથમ દક્ષિણ ભારતમાં કુન્દકુન્દાચાર્ય શ્રુતપાહુડમાં કહે છે કે સ્ત્રી દિગંબર બનીને ધર્મ સાધના કરી શકતી નથી. અને તે વિના તીર્થ કરે તો પણ તેની મુક્તિ થઈ નથી. એનો અર્થ એવો પણ થાય કે કુન્દકુન્દચાર્ય સ્ત્રી તીર્થંકરની શક્યતા અને શ્વેતાંબર પરંપરાની પ્રચલિત ધારણાઓથી પરિચિત હતા. એ વાત સ્પષ્ટ છે કે પહેલાં સ્ત્રી તીર્થંકરની વિચારણા થઈ અને પછી એના વિરોધમાં સ્ત્રીમુક્તિનો નિષેધ કરવામાં આવ્યો.

સંભવ છે કે સૌ પ્રથમ સ્ત્રીમુક્તિ-નિષેધની ધારણાનો વિકાસ દક્ષિણ ભારતમાં દિગંબર સંપ્રદાય દ્વારા થયો હોય. કારણ કે સાતમી-આઠમી શતાબ્દી સુધી ઉત્તર ભારતમાં શ્વેતાંબર આચાર્યો વસ્ત્રોની બાબતને લઈ ચર્ચા કરે છે ત્યાં સ્ત્રીમુક્તિની તરફેણ કે વિરૂધ્ધમાં કોઈ પણ ચર્ચા કરતા નથી. એનો અર્થ એવો થાય કે ઉત્તર ભારતના જૈન સંપ્રદાયોમાં લગભગ સાતમી આઠમી સદી સુધી સ્ત્રીમુક્તિ સંબંધે વિવાદ ઉત્પન્ન થયો ન હતો. સ્ત્રી મુક્તિનો નિષેધ પહેલાં દક્ષિણ ભારતમાં અને ત્યારબાદ ઉત્તર ભારતમાં થયો. કારણ કે શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયના ગ્રંથોમાં વિવાદના વિષય રૂપે રજૂ કારવામાં આવ્યો છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે જૈન પરંપરામાં પણ ધર્મસાધનાના ક્ષેત્રમાં સ્ત્રીની સમાનતા કોઈપણ કારણે ઓછી થતી ગઈ. સર્વ પ્રથમ તો સ્ત્રીની મુક્તિની સંભાવનાનો અસ્વીકાર કરવામા આવ્યો પછી દિગંબર

*અનુસંધાન ૧૬માં પાને*

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

# વરાડીયા તિર્થે પર્યુષણ આરાધના

વરાડીયા તિર્થે મૂળનાયક શ્રી ચિંતામણી ભાઈ પાર્શ્વનાથ દાદાની છત્ર છાયામાં આર્ય રક્ષિત તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી આરાધકો શ્રીમતી મનીષા દિલીપ નાગડા (નરેડી વસઈ રોડ) શ્રીમતી કલાવંતી દામજી મોમાયા ની નિશ્રામાં પર્યુષણની મહાપર્વની ઉમળકાભેર રૂડી રીતે આરાધના કરવામાં આવી.

દરરોજ સવારના રાઈ પ્રતિક્રમણ પક્ષાલપુજા, ભક્તામર સ્ત્રોતપઠન, વ્યાખ્યાન બપોરના મોટીપૂજા વ્યાખ્યાન પોથી પારણાના વરઘોડા, જાગરણ, દેવશીખ પ્રતિક્રમણ ભક્તિ ભાવનામાં બહારગામથી પધારેલ ૩૦ તથા સ્થાનિક ૨૫ મેમ્બરોએ હાજરી નોધાવેલ. તે પ્રસંગે લક્કીડ્રો સંઘપૂજન પ્રભાવનાની સાદ્યર્મિક પરિવારો તરફથી લાભ લેવામાં આવ્યો નાની મોટી તપસ્યા સાથે અઠ્ઠાઈ શ્રી દિપક ગંગાજર ડાઘા છઠ્ઠ કુમારી મિત્તલ વસંત મોમાયા અઠ્ઠમ શા. વસંત કુંવરજી મોમાયા આદિ તપસ્વીઓની શ્રી સંઘ તરફથી અનુમોદના કરવામાં આવી. પોથી ૨૮૧મણ માતુશ્રી લક્ષ્મીબાઈ મણીલાલ મુલજી પરબત લોડાયા, પારણું ૨૨૨મણ માતુશ્રી સોનબાઈ લાલજી વેલજી લોડાયા, સ્વપ્ના ઘૃત ૪૫૦૦૦ મણ અન્ય ૨૧૧૫૧મણની સાથે ટોટલ ઘૃત ૬૮૬૫૪ થયેલ.

સામુદાયિક ક્ષમાપનામાં જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથ સજોડની છબીને હાર હાર અર્પણ કરાયો. આરાધક બહેનો તેમજ કર્મચારી દેવેન્દ્ર કુંવરજી મોમાયા (મહેતાજી), પંકજ કરસનબારીઆ (પૂજારી) અનિરૂધ્ધસિંહ મહિપતસિંહ જાડેજાની અનુમોદના કરવામાં આવી. ટ્રસ્ટીઓ શ્રી લીના મધુકાંત મોમાયા, શ્રી આશા દિપક ડાઘા, શ્રી હરીશ ધનજી ડાઘાએ હાજરી નોધાવેલ.

આયોજનને સફળ બનાવવા કાર્યકર્તાઓ શ્રી નલીન રતનશી ડાઘા, શ્રી પ્રફુલ લખમશી મોમાયા, શ્રી હિતેશ ઠાકરશી ડાઘા, શ્રી પદમ લાલજી લોડાયા, શ્રી દિપક ગંગાજર ડાઘા, શ્રી મહેશ લખમશી દંડ. શ્રી જયચંદ ઝવેરચંદ મોમાયા, શ્રી લીલાવંતી મેઘજી મોમાયાએ જહેમત ઉપાડેલ.

ભાદરવા સુદ ૭ ના ચૈત્યપરિવાટીમાં પ.પૂ.અચલગચ્છાધિપતિને વંદવા ગઢશીશા પ.પૂ.આચાર્ય ભગવંતને વંદવા બિદડા તથા અન્ય તિર્થોની યાત્રા કરી દર્શન વંદન કરવામાં આવ્યા.

**પર્વ દરમ્યાન સાદ્યર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો**

**માતુશ્રી સરલાબેન પ્રતાપભાઈ રામજી ડાઘા**

**માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા**

**માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા**

**માતુશ્રી હિરાવંતી ગુલાબચંદ પાસુભાઈ મોમાયા**

**માતુશ્રી હિરબાઈ મેઘજી દેવશી મોમાયા**

**માતુશ્રી જયાબાઈ ધનજી પાશ્વીર ડાઘા**

**માતુશ્રી સોનબાઈ વિસનજી દામજી મોમાયા**

**માતુશ્રી ચંદનબાઈ દેવશી રતનશી લોડાયા**

**માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ**

**જીર્ણોધર ફંડ : ૧૨૦૦૦ માતુશ્રી જયાબાઈ ધનજી પાશ્વીર ડાઘા**

**૫૦૦૦ માતુશ્રી ધનબાઈ ભવાનજી કુંવરજી મોમાયા**

**અષ્ટપ્રકારી પૂજા ૫૦૦૦ શ્રી પીર પરિવાર વરાડીયા માતુશ્રી લક્ષ્મીબાઈ મુલજી લોડાયા વતિ પ્રતાપ મુલજી પીર**

**અનુસંધાન ૧૬મા પાને**

અનુસંધાન ૧૬મા પાને

અવસ્થાને જ સાધના માટે સર્વસ્વ માનીને તેને પંચમહાવ્રતોનું પાલન કરવા માટે અયોગ્ય માનવામાં આવે. તથા સદ્‌ચરિત્રની ઉચ્ચત્તમ અવસ્થાને અસંભવ બતાવવામાં આવી. સુતાપાહુડમાં તો સ્પષ્ટ રૂપે માટે પ્રવજ્યા-દીક્ષાનો નિષેધ કરવામાં આવ્યો છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં પણ સ્ત્રીની બૌધ્ધિક ક્ષમતાને લીધે તેને દ્રષ્ટિવાદ, અરૂણોપપાત, નિશીથ વગેરેના અધ્યયન માટે અયોગ્ય માની છે પરંતુ તેની મોક્ષપ્રાપ્તિની ક્ષમતાનો અસ્વીકાર કર્યો છે. શારીરિક સંરચનાને કારણે તેને માટે સંયમ સાધનાના ઉપકરણના રૂપમાં વસ્ત્ર આવશ્યક હોય. પરંતુ આસક્તિના અભાવને કારણે તે પરિગ્રહ ન ગણાય તેથી તેનામાં પ્રવજિત થવાનું તથા મુક્ત થવાનું સામર્થ્ય છે.

એ વાત નિશ્ચિત છે કે આગમિક કાળના જૈનાચાર્યોએ ન કેવળ સ્ત્રીમુક્તિ અને સ્ત્રીદીક્ષાનો સ્વીકાર કર્યો છે, પરંતુ મલ્લિનો સ્ત્રી તીર્થંકર રૂપમાં સ્વીકાર કર્યો છે કે આધ્યાત્મિક સર્વોચ્ચ પદની અધિકારી નારી પણ થઇ શકે છે. સ્ત્રી તીર્થંકરની વિચારણા જૈન ધર્મની પોતાની એક વિશિષ્ટ છે જે નારીની ગરિમાને અનોખો મહિમા અપાવે છે.

જૈન ધર્મમાં તીર્થંકરની જે વિચારણા છે તે પોતાની વિશેષતા છે. અને તે એ સૂચિત કરે છે કે વિશ્વનું સર્વોત્તમ ગૌરવશાળી પદ પુરૂષ અને સ્ત્રી બંને સમાન રૂપે પ્રાપ્ત કરી શકે છે. તે છતાં પરવર્તી આગમોમાં અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં આ વાતને એક આશ્ચર્યકારક ઘટના કહીને પુરૂષના પ્રાધાન્યને સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

ક્રમશઃ


શ્રી ગણેશાય નમઃ | શ્રી આશાપુરાય નમઃ | શ્રી ખેતરપાળ દાદાય નમઃ

## સમુહ - પહેડી

**બાંઢીયા ગામમાં બિરાજમાન શ્રી આશાપુરા માં તથા ખેતરપાળ દાદાજીને નમતા જખૌ તથા બાંઢીયાના મૈશેરી પરિવારના ભાવિકો**

**બાંઢીયા ગામમાં બીરાજમાન શ્રી આશાપુરા માં તથા ખેતરપાળ દાદાજીને નમતા ભાવિકો તથા નિયાણી બહેનોને જણાવતા ખુશી થાય છે કે આ વરસે નવમી સમુહ પહેડી ગીત - સંગીત અને રાસ ગરબાની રમઝટ ચેતનાબેન હરીયા અને સાથી કલાકારના સથવારે આસો વદ - ૪ ને રવિવાર તા. ૧૨.૧૦.૧૪ ના સાંજના ૩.૩૦ થી ૮.૩૦ વાગ્યા સુધી રાખેલ છે.**

**તો સર્વે સમય સર પધારવા હાર્દિક આમંત્રણ છે. પ્રવેશ કુપન આપવામાં આવશે.**



**સમુહ પહેડીના દાતાશ્રી**

**સ્વ. વેલબાઈ કલ્યાણજી હરપાર મૈશેરી પરિવાર**
**ગામ : જખૌ - ડોંબિવલી**



**ખાસ નોંધ : સમુહ પહેડી માં કોઈએ કાળા વસ્ત્રો પહેરવા તથા કાળી વસ્તુ લાવવી નહી.**

**સંપર્ક : ભોઈમાં શ્રી મમતાબેન અમીષ મૈશેરી (જખૌ) : 9870763677, નવીન રાયશી મૈશેરી : 7666567008**

**સમુહ - પહેડી સ્થળઃ શ્રી નરશીનાથા સભાગૃહ,**
**અનંત સિદ્ધી, ૧ માળે, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ મુંબઈ (આદિશ્વર જૈન દેરાસર)**



## ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૬.૦૯.૨૦૧૪ ને શુક્રવારના સવારના ૧૧.૩૦ વાગ્યાથી બપોરના ૨.૩૦વાગ્યા દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીનું કલીનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્ષ (જૈન કોમ્પલેક્ષ) ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુર માર્ગ ઈસ્ટમાં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ એ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ મોબાઈલ નંબર ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ના રૂ.૫૦ ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તા.૨૦.૦૯.૨૦૧૪ છે. ત્યાર પછી નામ નહીં લેવામાં આવે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે કેમ્પ શનિવારે તા. ૨૭.૦૯.૨૦૧૪ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૮.૦૯.૨૦૧૪ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહનો સંપર્ક કરી ઉપરોક્ત મોબાઈલ નંબર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

જય આશાપુરા મા નમઃ

